Seat No. : _______________

# JC-103

**January-2016**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**

**(ભાષા વિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** દરેક પ્રશ્ન સરખા ગુણનો છે.

1. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીની ગુજરાતી ભાષાની વિકાસરેખા આલેખો.

**અથવા**

નીચેનામાંથી ગમે તે **બે** વિશે નોંધ લખો :

(1) સંયુક્ત વ્યંજનોનો લોપ અને પૂર્વસ્વરનું દીર્ઘત્વ

(2) 'અઈ' અને 'અઉ' સ્વરયુગ્મોનું પરિવર્તન

(3) 'ય' નો 'જ' થવો અને 'પ' નો 'વ' થવો

(4) ગુજરાતી ભાષામાં તત્સમ, તદ્ભવ અને દેશ્ય શબ્દો

2. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે નોંધ લખો :

(1) પૂર્વ પ્રત્યયોનો સદૃષ્ટાંત પરિચય આપો.

(2) પર પ્રત્યયોની ઉદાહરણો સહિત ચર્ચા કરો.

(3) ગુજરાતીમાં અંગ વિસ્તારક કે સ્વાર્થિક પ્રત્યયો.

(4) નીચેના શબ્દોમાંથી પ્રત્યયો શોધી તેના અર્થ જણાવો : (કોઈપણ **સાત**)

રાષ્ટ્રીય, ઈન્સાનિયત, માલદાર, વિજ્ઞાન, સાદગી, દેવાળું, વિદ્વત્તા, ખારાશ, વણલોભી, બેવફા

3. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે નોંધ લખો :

(1) ગુજરાતી ભાષાના સંયોજકો

(2) ગુજરાતી ભાષાના નિપાતો

(3) રવાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગો

(4) નીચેના શબ્દોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો : (ગમે તે **સાત**)

ચા-પાણી, રાતુંપીળું, ઘોડાગાડી, દહીંવડા, ઘોડેસવાર, ચોપડાપૂજન, વિરામસ્થળ, માનહાનિ, નફોતોટો, બેચાર

4. નીચેનામાંથી કોઈપણ **બે** વિશે નોંધ લખો :
   (1) ગુજરાતી ભાષાની વચનવ્યવસ્થા
   (2) સંયુક્ત ક્રિયાપદો
   (3) વિકારી-અવિકારી નામ અને વિશેષણ
   (4) વલ્ક્યના પ્રકારો

5. સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :
   (1) પરપ્રત્યય કયા પ્રકારના પ્રત્યયો છે ?
      (a) મૂળ અંગની પૂર્વે લાગતા પ્રત્યયો
      (b) મૂળ અંગને છેડે લાગતા પ્રત્યયો
      (c) મૂળ અંગને વિસ્તારનારા પ્રત્યયો
   (2) ગુજરાતી ભાષા પાસે એના ઉદ્‌ગમકાળે અપભ્રંશના વારસારૂપ કયા પ્રકારનો શબ્દરાશિ હતો ?
      (a) તત્સમ અને તદ્‌ભવ
      (b) અર્ધતત્સમ અને અર્વાચીન તદ્‌ભવ
      (c) તદ્‌ભવ અને દેશ્ય
   (3) કોને સ્વાર્થિક પ્રત્યય પણ કહે છે ?
      (a) પૂર્વ પ્રત્યય (b) અંગવિસ્તારક પ્રત્યય (c) પર પ્રત્યય
   (4) નીચેનામાંથી કયા શબ્દમાં સ્વાર્થિક પ્રત્યય આવેલો છે ?
      (a) ઈમાનદાર (b) દુર્બોધ (c) છાંયડો
   (5) નીચેનામાંથી કયા શબ્દમાં દ્વન્દ્વ સમાસ નથી ?
      (a) રામલક્ષ્મણ (b) દાણોપાણી (c) ઈશ્વરાધીન
   (6) નીચેનામાંથી કયો શબ્દ ઉપપદ સમાસનું ઉદાહરણ છે ?
      (a) સ્પષ્ટવક્તા (b) કલ્પવૃક્ષ (c) પીતાંબર
   (7) સંયોજકો શું કામગીરી કરે છે ?
      (a) બે વાક્યો કે પદોને જોડે છે. (b) લિંગ દર્શાવે છે. (c) વિભક્તિ દર્શાવે છે.
   (8) નીચેનામાંથી કયું નામયોગી તત્ત્વ નથી ?
      (a) બદલે (b) પ્રમાણે (c) માંથી
   (9) ભારપૂર્વક કથન કરવા માટે કયો નિપાત પ્રયોજાય છે ?
      (a) જ (b) તો (c) ને
   (10) નીચેનામાંથી કયું વિશેષણ વિકારી નથી ?
      (a) સારું (b) સુંદર (c) નાનું
   (11) નીચેનામાંથી કયું નામયોગી સ્થાન દર્શાવે છે ?
      (a) અંદર (b) અગાઉ (c) પ્રમાણે
   (12) નીચેનામાંથી કોને બહુવચનનો 'ઓ' પ્રત્યય લાગતો નથી ?
      (a) છોકરો (b) પુરુષ (c) હરડે
   (13) કયા શબ્દમાં એક એકમની સંપૂર્ણ દ્વિરુક્તિ છે ?
      (a) લીંપીગૂંપી (b) સાફસાફ (c) શાકબાક
   (14) કઈ દ્વિરુક્તિમાં બંને ઘટકો પર્યાયરૂપ છે ?
      (a) તોડફોડ (b) ઊંચુંનીચું (c) વાહવાહ

---